# ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ

બોર્ડ નિગમ વિસ્તાર, સેકટર – ૧૦/એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦

ફોનઃ ૨૩૨-૫૦૨૯૬/૫૦૩૩૨/૫૦૨૯૪ ફેકસઃ (૦૭૯) ૨૩૨ -૫૦૨૮૦

E-Mail [illegible] Web www.gmfb.in


ક્રમાંકઃ- મફબ/અકડ/યુ-૯/મનપા ઓક્ટ્રોય/ માર્ચ -૨૦૧૪/ ૯૦૩૦ તા. 21 MAR 2014

વંચાણે લીધા :-

૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૪-૧૧-૦૭ના ઠરાવ ક્રમાંક-બીજીટી/૮૦૨૦૦૭/૩૯૪૦/પી.

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૧૫-૦૨-૧૧ના ઠરાવ ક્રમાંક બજટ/ ૧૦૨૦૧૦/ ૨૮૯૩/બ

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૩-૩-૧૪ના ઠરાવ ક્રમાંક-બજટ/૮૦૨૦૧૧/૬૪૯૭/પી.

૪. બોર્ડની "IWDMS No. GMFB/Grant/28660/2014" ફાઇલના નોંધ વિભાગના પેજ નં. એન/૪ ઉપર સરકારશ્રીના નાણાં વિભાગની મળેલ મંજુરી

દફતરી હુકમ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ – ૧ના તા.૧૪-૧૧-૦૭ના ઠરાવથી ૭ મહાનગરપાલિકાઓને ઓકટ્રોય નાબુદ થતાં તેના વળતર પેટે એડહોક ગ્રાંટ ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. ત્યારબાદ શહેરી વિકાસ વિભાગના ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ–૨ના તા.૧૫-૦૨-૨૦૧૧ના ઠરાવથી નવરચિત ગાંધીનગર મહાનગરપાલિકાનો પણ તેમાં સમાવેશ થયેલ છે. ઓકટ્રોય નાબુદ થતાં ૮ મહાનગરપાલિકાઓને તેના વળતર પેટે એડહોક ગ્રાંટ તરીકે ચુકવણી કરવા માટે વર્ષ-૨૦૧૩-૧૪માં કુલ ૧૮૩૬.૦૦ કરોડની બજેટ જોગવાઇ કરેલ છે. રાજયની ૮ મહાનગરપાલિકાઓને માર્ચ – ૨૦૧૪ ના માસ માટે કુલ રૂ. ૧૭૫/- કરોડની ગ્રાંટ નિયત ટકાવારી મુજબ નીચે દર્શાવેલ રકમ ચુકવવા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૩-૩-૧૪નો ઠરાવ ક્રમાંક-બજટ/ ૮૦૨૦૧૧/ ૬૪૯૭ /પી થી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના હવાલે મુકવા ઠરાવેલ છે. રાજયની ૮ મહાનગરપાલિકાઓને માર્ચ -૨૦૧૪ માસ માટે કુલ રૂ.૧૫૧/- કરોડની ગ્રાંટ નિયત ટકાવારી મુજબ નીચે દર્શાવેલ રકમ ચુકવવા ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ–૪ મુજબ મંજુરી મળેલ છે.

| ક્રમ | મહાનગરપાલીકાનું નામ | મળવાપાત્ર રકમ રૂ. |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૭૯,૧૭,૫૦,૦૦૦ |
| ૨ | સુરત | ૫૪,૬૭,૫૦,૦૦૦ |
| ૩ | વડોદરા | ૨૪,૩૭,૭૫,૦૦૦ |
| ૪ | રાજકોટ | ૦૯,૭૪,૭૫,૦૦૦ |
| ૫ | જામનગર | ૦૨,૫૫,૫૦,૦૦૦ |
| ૬ | ભાવનગર | ૦૨,૬૭,૭૫,૦૦૦ |

| | | |
|---|---|---|
| ૭ | જૂનાગઢ | ૦૧,૫૯,૨૫,૦૦૦ |
| ૮ | ગાંધીનગર | ૨૦,૦૦,૦૦૦ |
| | કુલઃ | ૧,૭૫,૦૦,૦૦,૦૦૦ |

ઉપર પ્રમાણે ૮ મહાનગરપાલિકાઓને ઓકટ્રોય વળતર પેટે ચુકવવાની કુલ રકમ રૂા.૧૭૫/- કરોડ (અંકે રૂપિયા એકસો પંચોતેર કરોડ પુરા) પૈકી દરેક મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમ કમિશ્નરશ્રી, સંબંધિત મહાનગરપાલિકાને ચુકવવા આથી મંજુરી આપવામાં આવે છે.

રાજયની મહાનગરપાલિકાઓને બોર્ડ હસ્તકના પાર્ક ફંડમાંથી ફેબ્રુઆરી અને માર્ચ – ૨૦૧૪ માસની ઓકટ્રોય વળતર ગ્રાંટ એડવાન્સ રીલીઝ કરવા વંચાણે લીધેલ ક્રમ-૪ની ફાઇલ ઉપર સરકારશ્રીના નાણાં વિભાગ તરફથી મંજુરી મળેલ છે. તદઅન્વયે માર્ચ – ૨૦૧૪ માસની ઓકટ્રોય વળતર ગ્રાંટ રૂા.૧૭૫ કરોડ બોર્ડના પાર્ક ફંડમાંથી ઉધારવાનો રહેશે અને પ્રસ્તુત ઓકટ્રોય વળતરની ગ્રાંટની રકમ સરકારશ્રીમાંથી બોર્ડને મળ્યેથી તેની સામે સરભર કરવાની રહેશે. લોકસભાની ચુંટણી અંગેની આચાર સંહિતા અંગેના તા.૫-૩-૨૦૧૪ ના પરિપત્રની જોગવાઇઓ લક્ષમાં લઇ મળેલ નાણાંનો ખર્ચ કરવાનો રહેશે.

રવાના કર્યુ

સહી/-
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ

નાયબ નિયામક (આંકડા)
ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ.

નકલ સવિનય રવાના :-

(૧) નાયબ સચિવશ્રી (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય,ગાંધીનગર
(૨) નાયબ સચિવશ્રી (બજેટ) (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય,ગાંધીનગર
(૩) અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી,શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગનું કાર્યાલય તરફ જાણ સારૂ.
(૪) સેકશન અધિકારીશ્રી (પી-શાખા), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર
(૫) સેકશન અધિકારીશ્રી, (બજેટ), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર
(૬) કલેકટરશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા,રાજકોટ, જામનગર,ભાવનગર,જૂનાગઢ અને ગાંધીનગર
(૭) એ.જી. અમદાવાદ / રાજકોટ
(૮) સહાયક નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અમદાવાદ,સુરત,વડોદરા, રાજકોટ, જામનગર,ભાવનગર,જૂનાગઢ અને ગાંધીનગર જીલ્લા.
(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૦) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર .
(૧૧) નાયબ નિયામકશ્રી (હિસાબ), ગુ.મ્યુ.ફા.બોર્ડ, ગાંધીનગર તરફ ઉપર હુકમમાં દર્શાવેલ કુલ **રૂા.૧૭૫,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એકસો પંચોતેર કરોડ પુરા)** ની રકમ પૈકી મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમની ચૂકવણી કમિશ્નરશ્રી સંબંધિત મહાનગરપાલિકાઓને કરવાની સારૂ.
(૧૨) સીલેકટ ફાઇલ.